# બાબાજીના સંકેત

૧ ઑક્ટોબર, ૨૦૨૦

આત્મીય પાઠકો,

દરવર્ષે ઑક્ટોબર મહિના દરમ્યાન, જ્યારે આપણે બાબાજીની મહાસમાધિનો મહોત્સવ મનાવીએ છીએ, શ્રીગુરુમાઈ આપણને બાબાજીના સંકેતો પ્રત્યે જાગરૂક થવા માટે પ્રોત્સાહિત કરે છે. બાબાજીની મહાસમાધિ એ સમય છે જ્યારે તેઓ આ સંસારને છોડીને પરબ્રહ્મમાં પૂર્ણપણે વિલીન થઈ ગયા હતા. બાબાજીનો સંકેત શું હોઈ શકે? થોડાં સંકલ્પ અને કેન્દ્રણ સાથે, આપણે અનુભવ કરી શકીએ છીએ કે આ સંસાર બાબાજીના સંકેતોથી ભરેલો છે! બાબાજીની કૃપા એટલી અગણિત રીતે પ્રગટ થઈ શકે છે કે એકવાર જો આપણે ધ્યાનપૂર્વક આ સુઅવસરને અપનાવીએ, તો આપણે દરરોજ બાબાજીના સંકેતોને જોઈ શકીશું. આ રીતે, આપણે તેમના પ્રત્યે જાગરૂક થઈ શકીએ છીએ જેઓ સ્વયં અનંતતા સાથે, ઈશ્વર સાથે, એક થઈ ગયા છે તથા જેઓ આપણા જીવનમાં તેમની ઉપસ્થિતિ અને પ્રેમની પ્રત્યક્ષ અનુભૂતિ કરાવે છે. આ દિવ્ય વિરોધાભાસની મારી સમજ અને અનુભૂતિને ગહન કરવા માટે મેં આ કવિતા લખી છે :

આવો, હવે થોડા ધીમા પડીએ, અને
જગ્યા બનાવીએ, એ પ્રકાશ માટે,
હૃદય માટે, બધાંમાં સ્પંદિત થઈ રહેલી
એ પ્રશાંતિ માટે.

એ જેમની આપણે પૂજા કરીએ છીએ, તે અંદર છે.
એ જેમની આપણે પૂજા કરીએ છીએ, તે બહાર છે.
તો આપણે ક્યાં જઈશું?

બાબાજીના સંકેતો પ્રત્યે જાગરૂક થવાનું ગુરુમાઈજીનું નિમંત્રણ આપણને એક આનંદપૂર્ણ પડકાર આપે છે : આપણા રોજબરોજના સંસારને નવી દૃષ્ટિથી જોવાનો અને જે પરિસ્થિતિનો આપણે સામનો કરીએ, જેને પણ આપણે મળીએ, તેમાં એ દેદીપ્યમાન આત્માને ઓળખવાનો. સિદ્ધયોગ પથ પર બાબાજીના મહિના તરીકે માનવામાં આવતા ઑક્ટોબરના આખા મહિના દરમ્યાન કદાચ તમે તમારી સાથે એક નાની નોટબુક પણ રાખી શકો છો, જેથી તમે બાબાજીનાં એ બધાં જ સંકેતોને લખી શકો જેનો તમે અનુભવ કરો છો. હું પોતે પણ આવું કરવા માટે આતુર છું, અને સાથેસાથે હું આ સમય દરમ્યાન મને દેખાતી સુંદરતા અને પ્રકાશની ક્ષણોના ફોટા પણ લેવાનો છું.

બાબાજીએ ૨ ઑક્ટોબર, ૧૯૮૨ની પૂર્ણિમાના દિવસે મહાસમાધિ લીધી હતી અને તેથી જ દરવર્ષે તેમની પુણ્યતિથિને સૌરતિથિ (પશ્ચિમી કૅલેન્ડર) અનુસાર ૨ ઑક્ટોબરે મનાવવામાં આવે છે, અને ચાંદ્રતિથિ (ભારતીય પંચાંગ) અનુસાર પૂર્ણિમાએ મનાવવામાં આવે છે. વર્ષ ૨૦૨૦માં, આપણે ચાંદ્રતિથિ અનુસાર બાબાજીની મહાસમાધિ ૩૧ ઑક્ટોબરે મનાવીશું, જે માત્ર પૂર્ણિમા જ નથી પરંતુ 'બ્લૂ મૂન' પણ છે એટલે કે પશ્ચિમી કૅલેન્ડરના આ મહિનાની બીજી પૂર્ણિમા પણ છે. પશ્ચિમી દેશોમાં, '*વન્સ ઈન બ્લૂ મૂન*'ની અભિવ્યક્તિ કંઈક એવી વસ્તુનો ઉલ્લેખ કરે છે જે દુર્લભ અને અમૂલ્ય હોય છે, અને આ બંને શબ્દો નિશ્ચિતપણે બાબાજી જેવા મહાન આત્માના જીવનને અને તેમની કૃપાને પ્રતિબિંબિત કરે છે.

મારા માટે એ આધ્યાત્મિક પુણ્યની કલ્પના કરવી પણ મુશ્કેલ છે જે એવા જીવન સાથે જોડાયેલું છે જેવું બાબાજી જીવી રહ્યા હતા અને જેવું ગુરુમાઈજી જીવી રહ્યાં છે. બાબાજી આત્મ-સાક્ષાત્કારની નિરંતર અનુભૂતિમાં જીવ્યા હતા અને તેમનો એકમાત્ર ઉદ્દેશ્ય હતો કે તેઓ બીજાંને પણ એ જ પરમોચ્ચ અવસ્થા સુધી લઈ જાય. તેમછતાં ભારતીય પરંપરા અનુસાર, આ આધ્યાત્મિક પુણ્યનો એક અંશ એ લોકોને પણ પ્રદાન કરવામાં આવે છે જેઓ મહાન આત્માઓનું તેમની મહાસમાધિની પ્રત્યેક પુણ્યતિથિએ સન્માન કરે છે. તેથી આપણને પ્રોત્સાહિત કરવામાં આવે છે કે આપણે આ પાવન દિવસે બાબાજીનું સ્મરણ કરીએ.

બાબા મુક્તાનંદની મહાસમાધિના આ મહિના દરમ્યાન, આપણામાંથી પ્રત્યેક વ્યક્તિ એ પસંદગી કરી શકે છે કે બાબાજીનું સ્મરણ કેવી રીતે કરવું. આ વર્ષે તમે કઈ રીતે બાબાજીને યાદ કરવા માગો છો? બાબાજીની મહાસમાધિ સાથે જોડાયેલી પોતાની અનુભૂતિઓનું વર્ણન કરતા સિદ્ધયોગીઓના અનુભવો વાંચીને? ગુરુપૂજાના અભ્યાસનું અન્વેષણ કરીને? સિદ્ધયોગ પથ વેબસાઇટ માટે ચંદ્રમાની વધતી કળાના ફોટા લઈને? 'ૐ નમો ભગવતે મુક્તાનંદાય'ના કોઈ એક રાગમાં બાબાજીના નામનું સંકીર્તન કરીને?

વેબસાઇટ પર બાબાજીની મહાસમાધિ વિશે વાંચ્યા પછી, મને ગુરુદેવ સિદ્ધપીઠમાં તેમના સમાધિમંદિરની માનસ તીર્થયાત્રા પર જવા માટે પ્રેરણા થઈ. મને બાબાજીનો અનુભવ કરવાની ગહન લલક હતી, જેમને હું તેમના જીવનકાળમાં નહોતો મળ્યો અને હું તેમના સાન્નિધ્યમાં રહેવા માગતો હતો. હું ધ્યાન કરવા માટે બેઠો અને મારી મનની આંખોથી, મેં ગુરુદેવ સિદ્ધપીઠના કમળના ચિત્રવાળા મહાદ્વારમાંથી પ્રવેશ કર્યો અને સૌથી પહેલાં ગુરુચોકમાં ગયો, જ્યાં મેં શ્રીગુરુમાઈના આસનને પ્રણામ કર્યા. મારા શ્રીગુરુના સાન્નિધ્યની પ્રશાંતિમાં મુગ્ધ થઈને, હું થોડી મિનિટો સુધી ત્યાં જ રહ્યો. પછી હું સમાધિમંદિરમાં ગયો, એ અપેક્ષા સાથે કે હું દ્વારની અંદર પ્રવેશ કરીશ અને મને એક વેદી પર બાબાજીની પાદુકાનાં દર્શન થશે જે આરસના પાવન સમાધિસ્થળની સામે છે. પરંતુ, મેં જોયું કે ત્યાં સ્વયં બાબાજી ઊભા છે જાણે કે તેઓ મારી પ્રતીક્ષા કરી રહ્યા હોય. તેમણે મને આનંદપૂર્ણ અને પ્રેમભર્યું સ્મિત આપ્યું, અને પછી તેઓ મને ભેટી પડ્યા. મારા હૃદયમાં કંઈક પીગળી ગયું અને મેં મહસૂસ કર્યું કે ગહન

પ્રશાંતિ અને પ્રેમનો ભાવ ઉદિત થઈ રહ્યો છે. તે અસાધારણ હતું અને બહુ સરળ પણ. મને એ અનુભવ થયો કે બાબાજી સદૈવ મારી સાથે જ છે, મારું સંરક્ષણ કરી રહ્યા છે અને મને માર્ગદર્શન આપી રહ્યાં છે અને જ્યારે પણ મારું હૃદય મને તેમના તરફ ખેંચી લાવશે, ત્યારે હું *બાબાજી સાથે રહી* શકું છું. પોતાના શિષ્યોનાં હૃદયમાં આ નિરંતર ઉપસ્થિતિ એ સિદ્ધયોગ ગુરુઓ દ્વારા પ્રદાન કરવામાં આવેલો કૃપા પ્રસાદ છે.

શું તમે ક્યારેય વિચાર્યું છે, કૃપા શું છે?

સંસારમાં અસાધારણ મુસીબતના આ સમયે, હું કૃપા પર ખૂબ જ ચિંતન કરી રહ્યો છું — કૃપા શું છે અને તે આપણાં જીવનને કેવી રીતે પ્રભાવિત કરે છે. કૃપાની પવિત્ર શક્તિ આપણને સૌથી અલૌકિક રીતે એ દિવ્યતા પ્રત્યે જાગ્રત કરે છે જે આપણું મૂળ સ્વરૂપ છે અને આપણા ક્ષુદ્રતાના ભાવને એ પ્રકાશ અને સુંદરતાના બોધમાં રૂપાંતરિત કરી દે છે જે આપણા અંતરમાં, આ સંસારમાં અને આપણી આસપાસનાં દરેક લોકોમાં વિદ્યમાન છે. કેટલી અદ્‌ભુત વાત છે! શક્તિપાત દીક્ષા દ્વારા, આપણી અંદર પવિત્ર કુંડલિની શક્તિની જાગૃતિ દ્વારા શ્રીગુરુ આપણને એ માર્ગ પર સ્થાપિત કરી દે છે જેના પર ચાલીને આપણે ધીરેધીરે જાગરૂક થતા જઈએ છીએ કે ભગવાનનો પ્રકાશ આપણો *પોતાનો* પ્રકાશ છે.

કૃપા આપણા જીવનમાં સૂક્ષ્મ રીતે, ખૂબ જ વ્યક્તિગત અને રહસ્યમય રીતે પણ પ્રગટ થઈ શકે છે — નૈસર્ગિક રીતે હૃદયાકાર પથ્થરને જોવો, યોગ્ય સમયે એક મૈત્રીપૂર્ણ ચહેરો જોવો અથવા મોરપીંછના આકારના એક વાદળને જોવું. જેમ કે મેં કહ્યું છે, આ આખા મહિના દરમ્યાન તમે બાબાજીના સંકેતો જોવાના પ્રયત્નનો આનંદ ઉઠાવી શકો છો : પ્રકૃતિમાં, બીજાં લોકોમાં અને આપણા જીવનમાં વ્યાપ્ત નાના-મોટા ચમત્કારોમાં અને સુંદરતામાં. આ બધું જ દિવ્ય કૃપાનું સાકારરૂપ છે.

હું કૃપાના એક સુંદર સાકારરૂપ તરફ તમારું ધ્યાન લાવવા માગું છું અને તે છે સિદ્ધયોગ પથ વેબસાઇટનું એક વેબપેજ જેનું શીર્ષક છે, 'દિવ્ય સૂક્ત' — કૃપાના રંગો, જેમાં ગુરુમાઈજી સંક્ષિપ્ત શિખામણોનું સંકલન પ્રદાન કરે છે, જેમાંથી કેટલીક શિખામણો ટૂંકી છે, કેટલીક માત્ર એક શબ્દની જ છે. દરેક શિખામણ પ્રકૃતિના એક સુંદર ફોટા પર કલાત્મકરૂપે દર્શાવવામાં આવી છે. કદાચ મારી જેમ તમે પણ એક એવી શિખામણ પસંદ કરવા માટે પ્રેરિત થઈ શકો છો જેના તરફ તમે વિશેષતઃ આકર્ષિત છો. તમે આ શિખામણના વેબપેજને તમારા વેબ બ્રાઉઝરમાં આખો દિવસ ખુલ્લું રાખી શકો છો જેથી તેની સુંદરતા અને પ્રજ્ઞાનની તમે ફરીથી મુલાકાત લઈ શકો.

ઑક્ટોબર મહિનો એ શ્રીગુરુમાઈના સંદેશ પર આપણા મનનચિંતનને આત્મસાત્ કરવા માટે અને પરમેશ્વરીની પૂજા કરવા માટેનો ઉત્તમ સમય છે.

**Reflections on Gurumayi's Message** (શ્રીગુરુમાઈના સંદેશ પર ચિંતનમનન)

સિદ્ધયોગ અભ્યાસનું એક સૌથી મહત્ત્વપૂર્ણ પાસું છે, આપણા જીવનમાં શ્રીગુરુની શિખામણોનું અધ્યયન કરવું, તેના પર ચિંતન કરવું અને તેને આપણા દૈનિક જીવનમાં કાર્યાન્વિત કરવી. વેબસાઇટના Reflections on Gurumayi's Message વિભાગમાં, સિદ્ધયોગ વિદ્યાર્થીઓ મધુર સરપ્રાઇઝની એક શિખામણ પર ચિંતનમનન અને તેનું પાલન કરવાથી થયેલા પોતાના અનુભવો લખે છે. વર્ષ ૨૦૨૦ માટે, સપ્ટેમ્બર મહિનાથી આ ચિંતનમનન પ્રકાશિત થવાનું શરૂ થઈ ગયું છે. પ્રત્યેક અનુભવ એક રત્ન છે; આપણા માટે આપણી પોતાની સાધનામાં અને જીવનની પરિસ્થિતિમાં કાર્યાન્વિત કરવા માટેની એક પ્રેરણા છે. ઑક્ટોબર મહિનામાં હજી વધારે અનુભવો પ્રકાશિત થશે.

**નવરાત્રિ અને દશેરા** : ૧૭–૨૪ ઑક્ટોબર (ભારતમાં ૧૭–૨૫) અને ૨૫ ઑક્ટોબર

નવરાત્રિ એ મહાન દેવી અને જગત-જનનીના સન્માનમાં મનાવવામાં આવતો એક પરંપરાગત ભારતીય ઉત્સવ છે. દેવી ભગવતી, પરાશક્તિ પોતાના સાર-સ્વરૂપે સંસારના રક્ષણ અને ઉત્થાન માટે અનેકાનેક રૂપે પ્રગટ થાય છે.

ભારતમાં, આ વર્ષે નવરાત્રિ ૧૭ થી ૨૫ ઑક્ટોબર સુધી ઉજવવામાં આવશે. સિદ્ધયોગ પથ પર, પરંપરા અનુસાર, સતત ત્રણ રાત્રિઓ સુધી દેવીના ત્રણ સ્વરૂપોની પૂજા-અર્ચના કરવામાં આવે છે : સૌપ્રથમ મહાદુર્ગા, પછી મહાલક્ષ્મી અને અંતે મહાસરસ્વતી. પશ્ચિમી દેશોમાં, આ વર્ષે ઉત્સવ ૧૭ થી ૨૪ ઑક્ટોબર સુધી રહેશે, જેને કારણે આ પરંપરાગત નવ રાત્રિઓને બદલે માત્ર આઠ રાત્રિ રહેશે. કોઈક-કોઈક વર્ષે આવું થાય છે કારણકે ચાંદ્રતિથિ અનુસાર બે શુભ તિથિઓ એક જ દિવસે આવે છે. આમ, શ્રી મુક્તાનંદ આશ્રમમાં આ વર્ષે પહેલી બે રાત્રિઓ મહાદુર્ગાના સન્માનમાં મનાવવામાં આવશે. આ બંને રાત્રિઓમાં, બધી યોગ્ય પૂજાઓ વિધિવત્ કરવામાં આવશે.

ભારત અને પશ્ચિમના દેશોમાં, ૨૫ ઑક્ટોબરે દશેરા છે, જેને વિજયાદશમી અર્થાત્ 'દસમો દિવસ' અને 'વિજયનો દિવસ' પણ કહેવામાં આવે છે. ભારતમાં આ દિવસ, વર્ષના સાડા ત્રણ સર્વાધિક શુભ દિવસોમાંથી એક દિવસ તરીકે મનાવવામાં આવે છે. પવિત્ર ગ્રંથોમાં વર્ણન છે કે આ જ એ મહાન દિવસ છે — જોકે જુદાજુદા વર્ષ અને જુદાજુદા યુગમાં — જ્યારે દેવીએ મહિસાસુરને પરાજિત કર્યો હતો (દેવી માહત્મ્ય અનુસાર), ભગવાન શ્રીરામે દશાનન રાવણનો વધ કર્યો હતો (રામાયણ અનુસાર) અને પાંડવ રાજકુમારો તેર વર્ષના વનવાસ પછી ઘરે પાછા ફર્યા હતા (મહાભારત અનુસાર). તેથી, દશેરા અનેક રૂપે અંધકાર પર પ્રકાશના વિજયને દર્શાવે છે.

**'સ્વાધ્યાય' અધ્યયન સત્રો**

જેમ કે તમે જાણતાં જ હશો, સિદ્ધયોગ વૈશ્વિક હૉલમાં જીવંત વિડીયો પ્રસારણ દ્વારા દર શનિવારે સાપ્તાહિક સ્વાધ્યાય અધ્યયન સત્રો થઈ રહ્યાં છે. સંસ્કૃત શબ્દ 'સ્વાધ્યાય'નો શાબ્દિક અર્થ છે, ''આત્માનું અધ્યયન'' અને

— જેમ કે અધ્યયન સત્રોના મૅનેજિંગ ડિરેક્ટર, સ્વામી અખંડાનંદ પોતાની પરિચયાત્મક વ્યાખ્યામાં લખે છે, ‘‘સ્વાધ્યાય શું છે?’’ — તે ‘‘આત્માનું અધ્યયન’’ પણ છે. સ્વાધ્યાયનો અર્થ છે આદિકાળથી પૂજનીય, પવિત્ર સ્તોત્ર પાઠોનો અભ્યાસ કરવો. આ અધ્યયન સત્રોમાં, આપણે શ્રીગુરુગીતાનું પઠન કેવી રીતે કરવું તેના વિશે વિશિષ્ટ નિર્દેશો પ્રાપ્ત કરી રહ્યાં છીએ જેથી સજગતાથી કરવામાં આવેલા સ્વાધ્યાયનો આપણો અભ્યાસ આપણને દિવ્ય આત્માની સમજ અને અનુભૂતિ સુધી લાવવા માટે વધુ પ્રભાવશાળી સિદ્ધ થઈ શકે.

પહેલા સત્રમાં, સ્વામી અખંડાનંદે સ્વાધ્યાયના વિસ્તૃત અર્થ વિશે કહ્યું અને તેમણે એ અઠવાડિયાના કેન્દ્રણ માટે ખાસ વિષયનો પરિચય આપ્યો : સિદ્ધયોગ પથ વેબસાઇટ પર અધ્યયન માટેના અનેક અવસરોનો પરિચય. સ્વાધ્યાયના બીજા અધ્યયન સત્રમાં સ્વામીજીએ પઠન કરતી વખતે કેવી રીતે બેસવું જોઈએ એ વિશે વિગતવાર નિર્દેશો આપ્યા, ભલે આપણે જમીન પર બેસીએ કે ખુરશી પર. પછી તેમણે આપણને આધ્યાત્મિક અભ્યાસો માટે, આપણા પોતાના વ્યક્તિગત અભિકથનો લખવા માટે કહ્યું. તેમણે આપણને એ અભિકથન, ભગવાન સાથે ઐક્યના એ સમયાતીત કથનો જેવા લખવા માટે કહ્યું જે ભારતના વૈદિક ઋષિમુનિઓએ આપણને આપ્યા છે. જેમજેમ આપણે “ber” (‘બર’) મહિનાઓમાં એટલે કે ઑક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બરમાં — ઉત્તર ગોળાર્ધમાં આપણામાંથી કેટલાંક લોકો આને ‘બરરરર’ એટલે કે ઠંડીના મહિનાઓના રૂપે વિચારી શકે છે — પ્રવેશ કરીશું, તેમતેમ આપણે સિદ્ધયોગ અધ્યયનના એક પ્રેરણાદાયી અને નવીનતાભર્યા સમયમાં પ્રવેશ કરી રહ્યાં છીએ.

***

મને લાગે છે કે બાબાજીના જીવનની એક સૌથી મહાન ધરોહર તેમના શબ્દોમાં વ્યક્ત એ શિખામણ છે જે શ્રી મુક્તાનંદ આશ્રમના પ્રવેશદ્વારની ઉપર આ શબ્દોમાં લખવામાં આવી છે : *God Dwells Within You as You (આપનો રામ આપમાં આપ થઈને રહે છે.)* હાલમાં, એક મિત્ર મારી પત્ની અને મને મળવા માટે આવી હતી. તે વીસ વર્ષ પહેલા આશ્રમમાં આવવાના તેના અનુભવનું વર્ણન કરી રહી હતી. તેણે કહ્યું કે જેવા તેણે આશ્રમના પ્રવેશદ્વારની કમાન પર બાબાજીના શબ્દોને જોયા, તો તેની અંદર આનંદનો પ્રવાહ વહેવા લાગ્યો, એ દૃઢ વિશ્વાસ સાથે કે ભગવાન ખરેખર તેની અંદર, તેના રૂપે રહે છે. આ મહિલા એક ન્યૂરો સાયન્ટિસ્ટ હતી — એવી વ્યક્તિ જે મસ્તિષ્કનો અભ્યાસ કરે છે — અને તે ખૂબ સારી રીતે એ વાતનું નિરીક્ષણ કરતી રહે છે કે તેના પોતાના મસ્તિષ્કમાં શું ચાલી રહ્યું છે. તે આશ્ચર્યચકિત હતી કે કેવી રીતે બાબાજીની શિખામણે તેની અંદર લાંબા સમયથી રહેલી એ ભાવનાને નષ્ટ કરી નાંખી કે એ પાપી છે અને તેની જગ્યાએ તેને પ્રશાંતિ અને પૂર્ણતાની ગહન ભાવનાથી ભરી દીધી.

વાસ્તવમાં એ લોકોની ગણતરી કરવી સંભવ નથી જેમના જીવનને બાબાજી અને ગુરુમાઈજીની કૃપા અને શિખામણો આવી રીતે સ્પર્શી છે, તેમ છતાં મને એક એવા લીલાછમ બગીચાની કલ્પના કરવી ગમે છે જે કોઈક રીતે આખા વિશ્વમાં ફેલાયેલો છે અને જેણે અનેકાનેક લોકોનાં જીવન અને હૃદયમાં પોતાના મૂળ ઊંડે સુધી રોપી દીધાં છે. હું આને સિદ્ધયોગ પથની ધરોહરના કેન્દ્ર તરીકે જોઉં છું. આ મહિને જ્યારે આપણે બાબાજીની મહાસમાધિનો ઉત્સવ મનાવી રહ્યાં છીએ, તો આપણે આપણા વ્યક્તિગત રૂપાંતરણ પર મનનચિંતન કરી શકીએ છીએ અને સાથેસાથે એ વિશે પણ વિચારી શકીએ છીએ કે આપણું ઉત્તરદાયિત્વ છે કે ભાવિ પેઢીના હિત માટે સિદ્ધયોગ પથની ધરોહરમાં આપણે યોગદાન આપીએ.

આદર સહિત,

પૉલ હૉકવુડ

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.